## સંક્ષિપ્ત સમાચાર

### ગૌ સમ્માન આહવાન અભિયાનને પ્રોત્સાહન રાષ્ટ્રીય હિન્દુ સંઘના સંયોજક યોગી દેવનાથજી બાપુ દાહોદ આવ્યા



**દાહોદ :** સંપૂર્ણ ભારતવર્ષમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ લાવી ગૌમાતાને રાષ્ટ્રીય સન્માન અપાવવાના પવિત્ર સંકલ્પ સાથે ચાલી રહેલા 'ગૌ અભિયાન' સમ્માન આહવાન અંતર્ગત તા. 05-07-2026 (રવિવાર) ના રોજ સવારે 11:00 વાગ્યે યોગી દેવનાથજી બાપુ દાહોદ સ્થિત રામાનંદ પાર્ક ખાતે પધાર્યા હતા. તેમના આગમનથી દાહોદ જિલ્લાના ગૌસેવકો, ગૌરક્ષકો અને કાર્યકર્તાઓમાં ઉત્સાહ અને નવી ઊર્જાનો સંચાર થયો.આ પ્રસંગે 1008 જગદીશદાસ બાપુ (રામાનંદ પાર્ક), મોટા હાથીધરા સીતારામ મંદિરના નરસિંહ મહારાજ, ગરબાડા તથા સાહડાના મહંતો, કઠલાના સબૂરદાસ મહારાજ રાષ્ટ્રીય હિન્દુ સંઘ ગુજરાતના પ્રદેશ પ્રચારક રીન્કેશ પ્રજાપતિ, દાહોદના ગૌરક્ષક પિન્ટુભાઈ કલાલ તથા તેમની ટીમ તેમજ રાષ્ટ્રીય હિન્દુ સંઘ દાહોદ જિલ્લા ટીમ ઉપસ્થિત રહી હતી.આ અવસરે દાહોદ જિલ્લા ટીમને અભિયાનની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી.

### કાલોલના મધવાસ ખાતે ધોરણ ૧૦ અને ૧૨ના ૪૨ વિદ્યાર્થીઓ સન્માનિત કર્યા



**કાલોલ :** કાલોલ તાલુકાના મધવાસ ખાતે આવેલા પવિત્ર યાત્રાધામ ગૌષ્ણેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં આજે એક ભવ્ય અને પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. મધવાસની નવસર્જન ઉત્તર બુનિયાદી હાઈસ્કૂલના ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા ૪૨ જેટલા તેજસ્વી તારલાઓનો ઉત્સાહ વધારવા માટે એક વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવશાળી પ્રસંગે મધવાસ ગ્રામ પંચાયતના સરપંચ ચંપાબેન અશ્વિનકુમાર રાઠોડ, સ્પેકો કંપનીના જીએમ બાલા સુબ્રમણ્યમ, પ્રદીપભાઈ ગોહિલ, યુનિયન કમિટીના સભ્યો તેમજ ગૌષ્ણેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટના અગ્રણી સુરેશભાઈ તેમજ શાળાના આચાર્ય કૃણાલભાઈ વરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, મોટી સંખ્યામાં ગ્રામજનો અને વાલીઓએ હાજર રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### દાહોદ જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિની બેઠક યોજવામાં આવી



**દાહોદ :** દાહોદ જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિની મહત્વપૂર્ણ બેઠક માનનીય જિલ્લા શિક્ષણાધિકારી ની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના શૈક્ષણિક તથા વહીવટી પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં સંચાલક મંડળ, આચાર્ય સંવર્ગ, માધ્યમિક સંવર્ગ, ઉચ્ચતર માધ્યમિક સંવર્ગ તથા વહીવટી સંવર્ગના પ્રમુખઓ, મંત્રીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જિલ્લાના વિવિધ સંકુલોના કન્વીનરઓએ પણ હાજરી આપ હતી બેઠક દરમિયાન શાળાઓને લગતા વિવિધ પ્રશ્નો, શિક્ષણની ગુણવત્તામાં વધારો, કર્મચારીઓની વહીવટી સમસ્યાઓ તેમજ શિક્ષણ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે જરૂરી આયોજન અંગે રચનાત્મક ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ પ્રશ્નોના સમયબદ્ધ અને યોગ્ય નિરાકરણ માટે જિલ્લા કક્ષાએ સંકલનથી કાર્ય કરવાની બાબતે સહમતી વ્યક્ત કરવામાં આવી.

### દાહોદ-ગરબાડા હાઇવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો

# ગરબાડા હાઈવે પર પીકઅપ ગાડી પલટી ખાતા રાજસ્થાનના ૭ શ્રદ્ધાળુઓ ઘાયલ

બનાવની જાણ થતાં ૧૦૮ની ટીમ દ્વારા તમામ ઘાયલોને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપીને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.9
દાહોદ ગરબાડા હાઈવે પર એક સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં પીકઅપ ગાડી પલટી ખાઈ જતાં સાત લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ તમામ ઈજાગ્રસ્તો રાજસ્થાનના વતની હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ રાજસ્થાનનો એક પરિવાર ધાર્મિક સ્થળે દર્શન કરીને પોતાના વતન પરત ફરી રહ્યો હતો. તે દરમિયાન દાહોદ-ગરબાડા હાઈવે પર અચાનક ગાડીના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. કાબૂ ગુમાવવાના કારણે પીકઅપગાડી રોડ પર જ ધડાકાભેર પલટી ખાઈ ગઈ હતી.

અકસ્માતને પગલે ઘટનાસ્થળે ભારે ચીસાચીસ અને દોડધામ મચી ગઈ હતી. અકસ્માતમાં ગાડીમાં સવાર સાત જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ની ટીમ દ્વારા તમામ ઘાયલોને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપીને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અકસ્માતની માહિતી મળતા જ સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને ટ્રાફિક હળવો કરાવ્યો હતો આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ભાગ નથી આપતા તેમ કહી એકદમ દિયરે તોડફોડ મચાવી

# દાહોદના મોટા ઘાંચીવાડામાં મિલકત સબંધી ઝઘડો થતાં મામલો પોલીસ મથકે પહોચ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.9
સમાજ રાહે સમાધાનના થતા મિલકતના ભાગ માટે થયેલા ઝઘડામાં ભાભીની ચક્કી વાળી દુકાનમાં ઘૂસી ગઈ દીયરે મોટર સાથે જોડાયેલા વાયર કાપી નાખી તેમજ પાઈપ તોડી નાખી નુકસાન પહોંચાડી જાનથી મારી નાંખવાની ધાક ધમકીઓ આપ્યાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ શહેરના મોટા ઘાંચીવાડામાં રહેતા ૪૮ વર્ષીય શબનમબેન સઈદભાઈ વલીભાઈ દલાલ અને તેના દિયર સુફિયાન વલીભાઈ દલાલ વચ્ચે મિલકતના ભાગ બાબતે ઝઘડો તકરાર ચાલતા હોઈ તે મામલો સમાધાન માટે સમાજના આગેવાનો પાસે પહોંચ્યો હતો પરંતુ સમાજ રહે આ મામલે કોઈ સમાધાન ન થતા અને શબનમ બેન સુફિયાન ભાઈ મિલકતમાં ભાગ નહીં આપતા ગત તારીખ ૨-૭-૨૦૨૬ના રોજ સવારના આઠેક વાગ્યાના સુમારે સુફિયાન વલીભાઈ દલાલ ફાતેમાં મસ્જિદ સામે આવેલ તેની ભાભી શબનમ સઈદભાઈ વલીભાઈ દલાલની અનાજ દળવાની ચકીવાળી દુકાને ગયો હતો અને તેની ભાભી શબનમને બેફામ ગાળો બોલી 'તમો કેમ અમોને મિલકતમાં ભાગ નથી આપતા કહી ચક્કી વાળી દુકાનમાં ઘૂસી ગયો હતો અને દુકાનમાં લગાવેલા વીજમીટર ના મોટર સાથે જોડાયેલા વાયરો કાપી નાખી તેમજ મર્ચ દળવાના મશીનની પાઈપ તોડી નાખી છુટી પાડી નુકસાન પહોંચાડ્યું હતું. જેથી આ બાબતે શબનમબેન કહેવા જતા શબનમબેનને લાકડાનો દંડો મારવા જતા શબનમ બેન ભાગી જતા સુફિયાન દલાલે જાનથી મારી નાંખવાની ધાક ધમકીઓ આપી હતી.

### મિલવર્ક્સ ટેક્નોલોજીસનો 160.33 કરોડનો IPO 14 જુલાઈથી ખુલશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.9
હાઈ-એક્યુરેસી મશીન્ડ કમ્પોનેન્ટ્સ અને શીટ મેટલ પાર્ટ્સનું ઉત્પાદન કરતી મિલવર્ક્સ ટેક્નોલોજીસ લિમિટેડનો 160.33 કરોડનો IPO 14 જુલાઈથી 16 જુલાઈ, 2026 દરમિયાન ખુલશે. કંપનીના શેર BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટ થવાના છે. IPO હેઠળ 10ના ફેસ વેલ્યૂ ધરાવતા 48.44 લાખ ઈક્વિટી શેર 315થી 331ની પ્રાઈઝ બેન્ડમાં ઓફર કરાશે. લોટ સાઈઝ 400 શેરની રાખવામાં આવી છે, જ્યારે એન્કર રોકાણકારો માટે બિડિંગ 13 જુલાઈએ થશે.

કંપની IPOમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ પ્લાન્ટ અને મશીનરી ખરીદવા, કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરશે. ઈશ્યુમાં ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ, નોન-ઈન્સ્ટિટ્યુશનલ અને રિટેલ રોકાણકારો માટે અલગ-અલગ ક્વોટા નક્કી કરવામાં આવ્યા છે.

### પ્રમુખની હાજરીમાં વિકાસલક્ષી નિર્ણયોની ચર્ચા કરાઈ

# ઝાલોદ તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભામાં યોજવામાં આવી

(પ્રતિનિધિ) દાહોદ, તા.9
ઝાલોદ તાલુકા પંચાયત પ્રમુખ સુરેશભાઈ ખીમાભાઈ કટારાના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં આગામી દિવસોમાં તાલુકાના સર્વાંગી વિકાસ અને વહીવટી કામગીરીને વધુ ગતિશીલ બનાવવા માટે મહત્વના નીતિગત નિર્ણયો લેવામાં આવ્યા હતા.બેઠકની કાર્યવાહીની શરૂઆત ગત ૨૫ મે ૨૦૨૬ના રોજ મળેલી પ્રથમ બેઠકના કામકાજ નું વાંચન કરી તેને બહાલી આપવાની પ્રક્રિયા સાથે કરવામાં આવી હતી. આ સભા નો મુખ્ય એજન્ડા તાલુકાના વહીવટી માળખાને મજબૂત કરવાનો હતો, જેના ભાગરૂપે પંચાયતની મહત્વની ગણાતી કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની વિધિવત રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સભામાં કુદરતી આપત્તિઓના મુદ્દાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું હતું. ઝાલોદ તાલુકાની ભૌગોલિક સ્થિતિ અને વારંવાર સર્જાતી કુદરતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને, ભવિષ્યમાં કોઈપણ આપત્તિ સમયે અસરગ્રસ્તોને તાત્કાલિક અને નિર્ધારિત સમય મર્યાદામાં રાહત તથા સહાય મળી રહે તે માટે અગાઉથી જ સુઆયોજિત આયોજન તૈયાર કરવા પર તમામ સદસ્યોએ એકમત થઈ ભાર મૂક્યો હતો. વહીવટી સરળતા લાવવાના ભાગરૂપે, પંચાયતના રોજિંદા કામકાજને વેગ આપવા માટે ટેકનિકલ સ્ટાફની અછતને દૂર કરવાનો નિર્ણય લેવાયો હતો. સભામાં કોમ્પ્યુટર ઓપરેટર અને પ્યુન (સેવક) જેવા હોદ્દાઓ પર આઉટસોર્સિંગ મારફતે નિમણૂક કરવાનો અને તેમના પગાર ધોરણ નક્કી કરવાનો મહત્વનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

### સરપંચ અને તાલુકા પંચાયત સદસ્યની રજૂઆતને મળી સફળતા

# કાલોલના ભાદરોલી બુઝર્ગ ગામે એસટી બસ સુવિધાનો પ્રારંભ કરાયો



(પ્રતિનિધિ) કાલોલ, તા.9
કાલોલ તાલુકાના ભાદરોલી બુઝર્ગ ગામના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોની લાંબા સમયની માંગણીનો આખરે સુખદ અંત આવ્યો છે. ગામના સરપંચ અને તાલુકા પંચાયત સદસ્ય દ્વારા એસ.ટી. વિભાગમાં કરવામાં આવેલી સઘન રજૂઆત બાદ ગામમાં નવી એસ.ટી. બસ સુવિધા શરૂ કરવામાં આવી છે, જેનાથી ગ્રામજનોમાં અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભાદરોલી બુઝર્ગ ગામથી રોજના ૬૦ થી ૭૦ જેટલા વિદ્યાર્થીઓ શાળા-કોલેજના અભ્યાસ અર્થે કાલોલ ખાતે અપ-ડાઉન કરે છે. આ ઉપરાંત મજૂર વર્ગ અને અન્ય નોકરિયાતો પણ કાલોલ આવ-જા કરે છે. પૂરતી પરિવહન સુવિધાના અભાવે આ તમામને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાને ગંભીરતાથી લઈને ભાદરોલી બુઝર્ગના મહિલા સરપંચ ભૂમિકાબેન કિરણભાઈ બેલદાર તથા કાલોલ તાલુકા પંચાયત સદસ્ય કિરણભાઈ પી. બેલદાર દ્વારા ગત તારીખ ૨૬-૦૬-૨૦૨૫ ના રોજ ડેપો મેનેજરને લેખિતમાં સત્તાવાર રજૂઆત કરવામાં આવી હતી. શાળા-કોલેજના સમયને ધ્યાનમાં રાખીને સવારે ૮:૦૦ કલાકે ભાદરોલી બુઝર્ગથી કાલોલ અને સાંજે ૫:૩૦ કલાકે કાલોલથી પરત ભાદરોલી બુઝર્ગ માટે બસ ફાળવવામાં આવે. દેશના વડાપ્રધાનના "બેટી બચાવો, બેટી પઢાવો" અભિયાનને સાર્થક કરવા માટે દીકરીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માટે પડતી પરિવહનની મુશ્કેલીઓ તાત્કાલિક દૂર કરવી જરૂરી છે.

### દેવગઢ બારિયાના કાપડી પટેલ ફળિયામાં કાચું મકાન ધરાશાયી, વૃદ્ધ દંપતી ચોમાસામાં ઘરવિહોણું બન્યું



**દાહોદ :** દેવગઢ બારિયા નગરના કાપડી પટેલ ફળિયામાં ભારે વરસાદના કારણે એક ગરીબ પરિવારનું કાચું રહેણાંક મકાન ધરાશાયી થતાં વૃદ્ધ દંપતી મુશ્કેલીમાં મુકાયું છે. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ પરિવાર ઘરવિહોણો બનતાં હાલ અન્ય સ્થળે આશરો લેવા મજબૂર બન્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ કાપડી પટેલ ફળિયામાં રહેતા પટેલ નાનાભાઈ શકરાભાઈનું કાચું મકાન લાંબા સમય બાદ પડેલા વરસાદમાં સંપૂર્ણપણે તૂટી પડ્યું હતું. મકાનમાં તેમના પત્ની અને પુત્ર રહેતા હતા. મકાન ધરાશાયી થતાં ઘરવખરીનો સામાન પણ પલળી ગયો હતો. પરિવારના જણાવ્યા મુજબ નાનાભાઈ અને તેમના પત્ની બંને વૃદ્ધ છે. તેમની પત્ની લાંબા સમયથી બીમાર હોવાથી પથારીવશ છે. આવી સ્થિતિમાં ચોમાસાની ઋતુ દરમિયાન ઘર તૂટી પડતાં પરિવાર પર વધુ સંકટ ઊભું થયું છે અને તેઓ હાલ અન્ય જગ્યાએ રહેવા મજબૂર બન્યા છે. સ્થાનિક લોકોએ સંબંધિત તંત્રને તાત્કાલિક સ્થળની મુલાકાત લઈ નુકસાનનું મૂલ્યાંકન કરવા તેમજ અસરગ્રસ્ત પરિવારને સરકારી સહાય અને તાત્કાલિક આશ્રયની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માંગ કરી છે.

### દાહોદ અર્બન પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી પરિષદની શપથવિધિ સમારોહ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.9
અર્બન બેંક પ્રાથમિક શાળા દાહોદ ખાતે શૈક્ષણિક વર્ષ 202627 માટે વિદ્યાર્થી પરિષદ શપથવિધિ નો સમારોહ તારીખ 9/ 7 /2026 ને ગુરુવારના સવારે 10:30 કલાકે શોધન સમન્વય કેન્દ્રમાં યોજવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદના દ્વારા કરવામાં આવી.મુખ્ય શિક્ષિકા શ્રીમતી જસ્મીનાબેન નીનામા દ્વારા શાબ્દિક સ્વાગત અને મહેમાન ઓને પરિચય આપવામાં આવ્યો. સમારોહમાં મુખ્ય મહેમાન કમલેશભાઈ લીમ્બાચીયા એ પોતાના ઉદબોદનમાં વિદ્યાર્થીઓને નેતૃત્વ,સેવાભાવ અને જવાબદારીના મૂલ્યો સાથે કાર્ય કરવાની પ્રેરણા આપી હતી.

### રાજ્યસભાના સાંસદ જશવંતસિંહ પરમારની શિક્ષણ મંત્રીને રજૂઆત

# પંચમહાલમાં સરકારી ડી.એલ. એડ. PTC કોલેજ શરૂ કરવા માંગ



(પ્રતિનિધિ) ગોધરા, તા.9
રાજ્યસભાના સાંસદ જશવંતસિંહ પરમારે પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે તાત્કાલિક અસરથી પી.ટી.સી.નો અભ્યાસક્રમ શરૂ કરવા લેખિત માંગ કરી છે. શિક્ષણ મંત્રીને પાઠવેલા પત્રમાં રાજ્યસભાના સાંસદ સભ્યએ જણાવ્યું છે કે પંચમહાલ જિલ્લામાં હાલમાં એક પણ સરકારી ડી.એલ.એડ. કોલેજ ઉપલબ્ધ ન હોવાથી જિલ્લાના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ફરજિયાતપણે અન્ય જિલ્લાઓમાં જવું પડે છે. બહારગામ રહીને અભ્યાસ કરવાથી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પર મોટો આર્થિક બોજો પડે છે. આ પરિસ્થિતિને કારણે પંચમહાલ જેવા આદિવાસી અને પછાત વિસ્તારના આર્થિક રીતે નબળા અનેક વિદ્યાર્થીઓ ઈચ્છા હોવા છતાં શિક્ષક તાલીમના અભ્યાસથી વંચિત રહી જાય છે. અંતમાં રાજ્યસભાના સાંસદ સભ્યએ રાજ્ય સરકારના સર્વસમાવેશક અને સમાન શિક્ષણના હેતુને સાકાર કરવા તેમજ હજારો વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને પ્રાથમિકતાના ધોરણે ડી.એલ.એડ. અભ્યાસક્રમને મંજૂરી આપવા સહાનુભૂતિપૂર્વક ભલામણ કરી છે.

### કાલોલમાં વ્યાજખોરોનો આતંક યથાવત : લોકો ત્રાહીમામ પોકાર્યા

# 'માં ફાઈનાન્સ' ના માલિકો સામે ગુનો દાખલ, ચાની કીટલીવાળાએ ૩ લાખ ચૂકવ્યા છતાં ડરાવી-ધમકાવી નવી લોન થોપી દીધી

(પ્રતિનિધિ) કાલોલ, તા.9
કાલોલ તાલુકામાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોનું વ્યાજ ના નામે આર્થિક શોષણ કરતી ટોળકી સામે પોલીસે લાલ આંખ કરી છે. કાલોલ તાલુકા પંચાયત સામે ચાની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા એક શ્રમિકે 'માં ફાઈનાન્સ' ના માલિકો વિરુદ્ધ ઊંચા વ્યાજે નાણાં ધીરી, ધાક-ધમકી આપી બળજબરીપૂર્વક ઉઘરાણી કરવા અંગે કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જિલ્લા ધીરધાર અધિકારીનું નિયંત્રણ હોવા છતાં, કોઈ પણ કાયદાના ડર વગર ગેરકાયદેસર રીતે મનસ્વી વ્યાજ વસૂલતી આ નાણાકીય પેઢી સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા તેમજ ગુજરાત નાણાની ધીરધાર કરનારાઓ બાબત અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.અલીન્દ્રા નવી નગરીમાં રહેતા ફરિયાદી રણુભાઈ બુટાભાઈ ભરવાડ (ઉ.વ. ૪૦) ના પત્ની વર્ષ ૨૦૨૦ માં ગંભીર બીમાર પડ્યા હતા.

ઓફિસના માલિક દીપેશ રાજપૂતે માસિક ૧૦% ના ઊંચા વ્યાજે અને રોજ ના ૧૦૦ ના હપ્તા લેખે ૫૦ દિવસની શરતે ૫,૦૦૦ ની લોન મંજૂર કરી હતી. જોકે, પ્રોસેસ કે અન્ય નામે કાપીને ફરિયાદીને હાથમાં માત્ર ૪,૪૦૦ રોકડા આપ્યા હતા. સિક્યોરીટી તરીકે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના બે કોરા ચેક, આધાર કાર્ડ અને બે ફોટા પડાવી લીધા હતા. ફાઈનાન્સ પેઢીએ આપેલા ડાયરી કાર્ડમાં પણ ગેરરીતિ આચરવામાં આવતી હતી. કાર્ડમાં ૫,૦૦૦ ના બદલે ૫/- અને રોજની ૧૦૦ ની વસૂલાત સામે માત્ર ૧૦ લખવામાં આવતા હતા. પત્નીની વધુ સારવાર માટે ફરિયાદીએ ટુકડે-ટુકડે ૧૦,૦૦૦ અને ૫૦,૦૦૦ વ્યાજે લીધા હતા. ફરિયાદીએ અત્યાર સુધીમાં ઓનલાઈન (Google Pay) તેમજ રોકડા મળીને આશરે ૩ લાખ જેટલું માતબર વ્યાજ ચૂકવી દીધું હતું.તેમ છતાં, ગત ૦૫/૦૬/૨૦૨૬ ના રોજ ફાઈનાન્સના માણસોએ ફોન કરી લોન રેગ્યુલર કરવાના બહાને ફરિયાદીને ઓફિસે બોલાવ્યો હતો. ત્યાં જૂનું બાકી વ્યાજ ૮૮,૦૦૦ કાપી લઈ, બળજબરીપૂર્વક નવી ૧,૦૦,૦૦૦ ની લોન ઊભી કરી દીધી હતી અને હાથમાં માત્ર ૨૫,૨૦૦ ગૂગલ પે કર્યા હતા. આ નવી લોન પેટે રોજના ૨,૦૦૦ નો પઠાણી હપ્તો નક્કી કરાયો હતો.ફરિયાદીએ લોકડાઉન અને આર્થિક તંગી વચ્ચે પણ ૪૨,૦૦૦ ના હપ્તા ભર્યા હતા, પરંતુ ગત ૨૬/૦૬/૨૦૨૬ થી સગવડ ન હોવાથી તેઓ હપ્તો ભરી શક્યા ન હતા. આથી, ગત ૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ સાંજે ૭:૦૦ વાગ્યાના અરસામાં જ્યારે રણુભાઈ તાલુકા પંચાયત સામે પોતાની ચાની લારી પર હતા, ત્યારે 'માં ફાઈનાન્સ' ના માલિક દીપેશ રાજપૂત અને તેનો માણસ અરવિંદ મકવાણા ત્યાં ધસી આવ્યા હતા. કાલોલ પોલીસે ફરિયાદીની આપવીતીના આધારેઃ આરોપી નં. ૧ઃ દીપેશ રાજપૂત (માલિક, માં ફાઈનાન્સ) આરોપી નં. ૨ઃ અરવિંદ મકવાણા (મા ફાઈનાન્સ માલિક/ કર્મચારી) સામે બી.એન.એસ ની કલમ ૩૦૮(૩), ૩૫૧(૨), ૫૪ તેમજ ગુજરાત નાણાની ધીરધાર કરનારાઓ બાબત અધિનિયમની કલમ ૪૦ અને ૪૨(ડી) મુજબ ખંડણી અને એક સંપ કરી ધમકીઓ આપતા ગુનો નોંધી કેસની આગળની તપાસ કાલોલ પોલીસ સ્ટેશનના PSI એસ આર મકવાણા ચલાવી રહ્યા છે.

### આંતર રાજ્ય 'લૂટેરી દુલ્હન' ગેંગનો ઝાલોદ પોલીસે ફિલ્મી ઢબે પર્દાફાશ કર્યો

# ઝાલોદ પોલીસે વરરાજા બનીને લૂંટેરી દુલ્હન પ્રકરણમાં ત્રણ આરોપીને ઝડપી પાડયા

**આ ગેંગે** જુઠા લગ્નના સપના બતાવી ભોળા યુવકોને લાખોનો ચૂનો લગાવ્યો છે



(પ્રતિનિધિ) દાહોદ, તા.9
ઝાલોદના એક યુવક પાસેથી ૨.૪૦ લાખ પડાવનાર ટોળકીને પકડવા પોલીસે ખુદ વરરાજા અને જાનૈયાનો વેશ ધારણ કરી મધ્યપ્રદેશમાં જળ બિછાવી હતી. જેમાં ત્રણ આરોપીઓ સકંજામાં આવ્યા છે.

થોડા સમય પહેલા ઝાલોદના હિતેશકુમાર પંચાલને રણીયારના કૃષ્ણકાંત પટેલે મધ્યપ્રદેશની મમતા ચૌહાણ નામની યુવતી સાથે લગ્ન કરાવવાની લાલચ આપી હતી. દલાલોએ વિવિધ બહાને ૨.૪૦ લાખ પડાવ્યા હતા. લગ્ન બાદ યુવતી સાસરે આવી પરંતુ બે દિવસમાં જ કાકાને અકસ્માત થયો છે તેમ કહી પતિને લઈને મધ્યપ્રદેશ ગઈ અને બસ સ્ટેન્ડ પર ગેંગના સભ્યો સાથે ફરાર થઈ ગઈ હતી. આ ઘટના બાદ ઝાલોદ પી એસ આઈ ડી.આર. પટેલના માર્ગદર્શન હેઠળ રવિ ગામીત અને જીસી.કે. સીસોદીયાની ટીમે નવો પ્લાન ઘડ્યો. પોલીસે પોતે જ વરરાજા, વરરાજાના પિતા, બહેન અને ભાઈ બની આરોપીઓનો સંપર્ક કર્યો. આરોપીઓને નવા ગ્રાહકની લાલચ આપી મધ્યપ્રદેશ બોલાવ્યા હતા. જેવા આરોપીઓ મળવા આવ્યા હતા ત્યારે પોલીસે ફિલ્મી અંદાજમાં ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા.